**તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૬ | ૧૬ જુલાઈ, ૨૦૧૬, શનિવાર ; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પેટ્રોલ અને ડિઝલ કિંમતમાં ઘટાડો

નવી દિલ્હી, તા. ૧૫

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે આંશિક રાહત થઈ હતી કારણ કે પબ્લિક સેક્ટર ઓઈલ રિટેલર્સ દ્વારા પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની રીટેઈલ કિંમતમાં વેટ અને સેલ ટેક્સ સિવાય લીટરદીઠ રૂપિયા ૨.૨૫નો ઘટાડો કરવામાં આવ્યો હતો. જ્યારે ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૪૨ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે લીટરદીઠ ૬૨.૫૧ રૂપિયા થઈ જશે. જ્યારે ડિઝલની કિંમત લીટરદીઠ ૫૪.૨૮ થઈ જશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. સરકારે હાલમાં જ ઓઈલ કંપનીઓને કેરોસીનની કિંમતમાં દર મહિને ૨૫ પૈસાનો વધારો કરવાની મંજુરી આપી હતી. સબસીડી બોજને ઘટાડવાના હેતુસર ૧૦ મહિના સુધી દર મહિને ૨૫ પૈસાનો વધારો કરવાની મંજુરી આપવામાં આવી હતી. પહેલી જુલાઈના દિવસે કેરોસીનની કિંમતમાં ૨૫ પૈસાનો લીટરદીઠ વધારો કરવામાં આવ્યો હતો. પાંચ વર્ષમાં પ્રથમ વખત ખૂબજ સબસીડીવાળા રાંધણ સાધનની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા એપ્રિલ ૨૦૧૭ સુધી દર મહિને ૨૫ પૈસાનો વધારો કરવા ઓઈલ માર્કેટીંગ કંપનીઓને કહી દીધું છે. ઓઈલ કંપનીઓને પણ આનાથી રાહત મળી શકે છે.

# ફ્રાંસમાં ત્રાસવાદી હુમલો

**૮૬ના મોત : નીસ સ્થિત ફ્રેન્ચ રિવેરા રિસોર્ટ શહેરમાં ટ્રક મારફતે હુમલો કરાયો : સેંકડો ઘાયલ, ભારે દહેશત : બાસ્તીલ દિવસના અવસરે આતશબાજીનો નજારો નિહાળી રહેલા હજારોની સંખ્યામાં લોકોમાં ટ્રક ઘુસાડી દઈને સેંકડો નાગરિકને કચડી મારવામાં આવ્યા**





પેરિસ,તા. ૧૫

ફ્રાંસમાં નીસ સ્થિત ફ્રેન્ચ રિવેરા રિસોર્ટ શહેરમાં બાસ્તીલ દિવસની ઉજવણી કરવા એકત્રિત થયેલા હજારો લોકોને ટાર્ગેટ બનાવીને એક ટ્રક મારફતે કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા ૮૬ લોકોના મોત થઈ ગયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. ફ્રાંસના પ્રમુખ ફ્રાંસ્વા ઓલાંદે આ હુમલાને ત્રાસવાદી ગણાવીને આની ઝાટકણી કાઢી છે. લોકો બાસ્તીલ દિવસની ઉજવણી કરવા એકત્રિત થયેલા હતા ત્યારે જ ટ્રકને લઈને એક ત્રાસવાદી ઘુસી ગયો હતો અને લોકોને કચડી નાખવાની શરૂઆત કરી હતી. ટ્રક ડ્રાઈવરને સુરક્ષા દળો ઠાર મારે તે પહેલા તે બે કિલોમીટર સુધી લોકોને કચડી નાખવામાં સફળ રહ્યો હતો. જેમાં ૮૪થી વધુના મોત થઈ ગયા હતા.

સત્તાવાળાઓએ કહ્યું છે કે ટ્રકમાં ૩૧ વર્ષીય ફ્રેન્ચ ટ્યુનિશિયન

● અનુસંધાન પાન-૭ પર

## હુમલાથી વિશ્વના દેશો હચમચી ઉઠ્યા

**હુમલા બાદ ઈરાક અને સિરિયામાં જેહાદી સામે કાર્યવાહીની જાહેરાત : અમેરિકી પ્રમુખ ઓબામા સહિતના વિશ્વના નેતાઓએ હુમલાની નિંદા કરી ઈસ્લામિક સ્ટેટ એક કેન્સર સમાન છે, તેની સામે યુદ્ધ છેડવાની જરૂર : ટ્રમ્પ**

પેરિસ,તા. ૧૫

ફ્રાન્સમાં ફ્રેન્ચ રિવેરા રિસોર્ટ શહેરમાં બાસ્તીલ દિવસના પ્રસંગે આતશબાજી વેળા કરવામાં આવેલા આ હુમલાથી વિશ્વના દેશો અને ખાસ કરીને યુરોપિયન દેશો હચમચી ઉઠ્યા છે. જેમાં અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન, જર્મનીનો સમાવેશ થાય છે. આ તમામ દેશોમાં પણ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ હુમલામાં અમેરિકા સહિતના દેશોના લોકોના પણ મોત થયા છે. બે અમેરિકનના મોત થયા હોવાના અહેવાલને અમેરિકાએ પણ સમર્થન આપ્યું છે. જર્મનીએ સરહદી સુરક્ષાને મજબૂત બનાવી છે. બીજી બાજુ લંડનના મેયરે કહ્યું છે કે સુરક્ષા વધુ સુરક્ષિત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ટ્રેન સેવા, વિમાની સેવા તરફ ધ્યાન અપાઈ રહ્યું છે. વિશ્વના દેશોએ આ હુમલાને વખોડી કાઢીને તેની ઝાટકણી કાઢી છે.

● અનુસંધાન પાન-૭ પર

## પરિસ્થિતિ વણસતા અમરનાથ યાત્રા મોકુફ રખાઈ



જમ્મુ,તા. ૧૫

વાર્ષિક અમરનાથ યાત્રા આજે સસ્પેન્ડ રાખવામાં આવી હતી. કાશ્મીર ખીણમાં પ્રવર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. જમ્મુમાં વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે જમ્મુ શહેરંમાં ભગવતી નગર યાત્રી નિવાસથી ખીણ તરફ આગળ વધવા માટે કોઈ શ્રદ્ધાળુને મંજુરી આપવામાં આવી નથી. કારણ કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતામાં ખીણમાં હજુ સુધી સુધારો થયો નથી. શુક્રવારની નમાજ બાદ કોઈ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે.

વાર્ષિક અમરનાથ યાત્રા આ વર્ષે બીજી જુલાઈના દિવસે હાથ ધરવામાં આવી હતી. હજુ સુધી દરિયાઈ સપાટીથી ૩૮૮૮ મીટરની ઉંચાઈ પર સ્થિત ગુફામાં ૧૪૫૦૦૦ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. ખીણમાં તંગ સ્થિતી હોવા છતાં મુસ્લિમ સમુદાયના લોકો પણ મદદ માટે આગળ આવ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં દેખાવ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી ગયા બાદ હાલત કફોડી બનેલી છે. યાત્રાને કોઈપણ અસર ન થાય તેની ખાતરી કરવાના પ્રયાસો કરાઈ રહ્યા છે.

# હાર્દિક પટેલ જેલમાંથી મુક્ત થતાં પાટીદારો દ્વારા સ્વાગત

**૫૬ ઈંચની છાતી નહીં અનામત ઈચ્છે છે : હાર્દિક પટેલ : ગયા સપ્તાહમાં જ હાઈકોર્ટે શરતી જામીન આપ્યા બાદ હાર્દિકને ૪૮ કલાકની અંદર ગુજરાત છોડી દેવાની ફરજ પડશે : ૯ મહિના જેલમાં રહ્યા બાદ મુક્ત**

સુરત.તા. ૧૫

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને જોરદાર




આંદોલન મારફતે ગુજરાત સરકારને હચમચાવી મુકનાર હાર્દિક પટેલ નવ મહિના સુધી જેલમાં રહ્યા બાદ આજે સુરતમાં લાજપોર સેન્ટ્રલ જેલમાંથી મુક્ત થયો હતો. ગયા સપ્તાહમાં જ ગુજરાત હાઈકોર્ટે એવી શરત ઉપર હાર્દિકને જામીન આપી દીધા હતા કે તે આગામી છ મહિના સુધી રાજ્યથી બહાર રહેશે અને જેલમાંથી મુક્ત થયા બાદ ૪૮ કલાકની અંદર ગુજરાત છોડી દેશે. જોકે જેલમાંથી મુક્ત થયા બાદ તેનું શાનદાર સ્વાગત

● અનુસંધાન પાન-૭ પર













